નવસારીમાં 40 વર્ષ જૂના એપા.નો ભાગ બેસી ગયો

વિજલપુરમાં અમરદીપ એપાર્ટમેન્ટનો પાછળનો ભાગ બેસી ગયો

સમગ્ર એપાર્ટમેન્ટ ખાલી કરાવવાની ફરજ પડી

24 પરિવારોને તાત્કાલિક સ્થળાંતર કરવું પડ્યું

નવસારીઃ શહેરના વિજલપુર વિસ્તારમાં આવેલા 40 વર્ષથી વધુ જૂના અમરદીપ એપાર્ટમેન્ટમાં શનિવારે ભયજનક સ્થિતિ સર્જાઈ હતી. સવારે બિલ્ડિંગની એક બાજુ અચાનક નમી પડતાં રહીશોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સમય જતાં પાછળનો ભાગ વધુ ધસવા લાગતા સાંજ સુધીમાં સમગ્ર એપાર્ટમેન્ટ ખાલી કરાવવાની ફરજ પડી હતી.

સ્થિતિ ગંભીર બનતાં 24 પરિવારો ઘર છોડીને બહાર નીકળી ગયા અને જરૂરી ઘરવખરીને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

સ્થાનિક રહીશ જીગ્નેશ પ્રજાપતિના જણાવ્યા અનુસાર, વરસાદ બાદ અચાનક બિલ્ડિંગનો એક ભાગ નમી પડ્યો હતો. જ્યારે ડિમ્પલ રાણાએ જણાવ્યું કે સવારે પ્રથમ વખત બેસાણ જોવા મળ્યું હતું અને સાંજ સુધી સ્થિતિ વધુ ગંભીર બનતાં તંત્રએ બિલ્ડિંગ ખાલી કરાવવાનો નિર્ણય લીધો હતો.

ઘટનાની જાણ થતાં નવસારી મહાનગરપાલિકાનો ફાયર વિભાગ, પોલીસ અને સ્થાનિક નગરસેવકો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. બચાવ ટીમે રહીશોને સુરક્ષિત સ્થળે ખસેડવાની સાથે ઘરવખરી બહાર કાઢવામાં પણ મદદ કરી હતી.

બીલીમોરાની મેંગુશી હોસ્પિ. 60 કરોડના ખર્ચે નવનિર્મિત કરાશે

20 ગામના લોકોને ઘરઆંગણે આધુનિક સેવા ઉપલબ્ધ બનશે

બીલીમોરાઃ બીલીમોરા શહેર તેમજ આસપાસનાં 20થી વધુ ગામોના લોકો માટે આશીર્વાદરૂપ સરકારી મેંગુશી હોસ્પિટલ હવે નવા રૂપમાં આકાર લેવા જઈ રહી છે. ૬૯ વર્ષ જૂની અને જર્જરિત હોસ્પિટલને તોડી તેના સ્થાને અંદાજે રૂ.૬૦ કરોડના ખર્ચે આધુનિક સુપરફેસિલિટી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે.

નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ બે દિવસ અગાઉ હોસ્પિટલની મુલાકાત લઈ હાલની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. હોસ્પિટલની બિસ્માર ઈમારત, ઓપીડી વિભાગની ખરાબ હાલત, શૌચાલયોની અપૂરતી સુવિધા તેમજ તબીબી સ્ટાફની ખાલી જગ્યાઓ અંગે ગંભીર નોંધ લેવામાં આવી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા હોસ્પિટલનું સંપૂર્ણ પુનઃનિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગણદેવીના ધારાસભ્ય અને રાજ્યના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની પહેલથી હોસ્પિટલ માટે અંદાજે રૂ.૬૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે. ગ્રાઉન્ડ ફ્લોર ઉપરાંત ચાર માળ ધરાવતી (G+4) નવી હોસ્પિટલમાં આધુનિક ઓપરેશન થીયેટર, અદ્યતન લેબોરેટરી, ડિજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, ઈમર્જન્સી વિભાગ, માતા-બાળ આરોગ્ય વિભાગ, ફિઝિયોથેરાપી સહિતની અનેક આરોગ્ય સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. પ્રારંભિક તબક્કામાં હોસ્પિટલમાં ૭૫ બેડની વ્યવસ્થા રહેશે, જ્યારે ભવિષ્યમાં જરૂરિયાત અનુસાર તેને ૧૨૫ બેડ સુધી વિસ્તૃત કરવામાં આવશે. હોસ્પિટલનું નિર્માણ પૂર્ણ થયા બાદ બીલીમોરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના હજારો દર્દીઓને સારવાર માટે નવસારી અથવા ખાનગી હોસ્પિટલોમાં જવાની ફરજ નહીં પડે.

સંક્ષિપ્ત સમાચાર

આજે રોલામાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

વલસાડઃ રોલા ગ્રામવિકાસ ટ્રસ્ટ દ્વારા આવતી કાલ 12 જૂન રવિવારે સવારે 8થી રાત્રે 8 સુધી 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'નું આયોજન પરમ ફાર્મ, પરમ હોસ્પિટાલિટી (જૂનું દાદા-શ્રી) વૈષ્ણવી પંપ સામે, રોલા ખાતે કરવામાં આવ્યું છે. કેમ્પમાં પ્રશાંતભાઈ કોરાટ (ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોન પ્રભારી), નાણા મંત્રી મંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, સાંસદ ધવલ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંત કંસારા સહિત ધારાસભ્યો,આગેવાનો ઉ પસ્થિત રહેશે. કેમ્પ માટે વલસાડ જિલ્લા ભાજપ, અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ, વારી અને પરમ ગ્રૂપના સહકાર સાથે રક્તદાન જેવા મહાદાનને વેગ આપવા અને રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે આ કેમ્પમાં અનેકવિધ આકર્ષક ભેટો રાખવામાં આવી છે.

ચેક બાઉન્સ કેસમાં આરોપીને રાહત નહીં: સત્ર અદાલતે 6 માસની સજા યથાવત રાખી

નવસારીઃ ચેક બાઉન્સના કેસમાં નવસારીની મુખ્ય સત્ર અદાલતે આરોપી મેહુલ રમેશભાઈ ઠક્કરની અપીલ નામંજૂર કરી નીચલી અદાલત દ્વારા ફટકારવામાં આવેલી છ માસની સાદી કેદ, દંડ અને વળતરની સજા યથાવત રાખી છે. કેસ મુજબ, ફરિયાદી ગૌરવભાઈ પ્રભાતચંદ્ર બાગલેને બાકી લેણાં પેટે આરોપીએ રૂ. 1.30 લાખનો ચેક આપ્યો હતો, જે અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યો હતો. કાયદેસરની નોટિસ બાદ પણ ચૂકવણી ન થતાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે કરાયેલી અપીલમાં સત્ર અદાલતે કોઈ હસ્તક્ષેપ જરૂરી ન હોવાનું માની અપીલ ફગાવી દીધી હતી. કેસમાં ફરિયાદી તરફથી એડવોકેટ યતિષ બચ્છાવ અને અમિતભાઈએ રજૂઆત કરી હતી.

લુન્સીકુઈમાં ભારે પવનને કારણે મહાકાય વૃક્ષ ધરાશાયી

5 લારીઓ દબાઈ, સદનસીબે મોટી જાનહાનિ ટળી, વીજ પુરવઠો ખોરવાયો

નવસારીઃ નવસારીમાં શનિવારે વાતાવરણમાં આવેલા પલટા અને ભારે પવનના કારણે એક દુર્ઘટના સર્જાઈ હતી. શહેરના લુન્સીકુઈ વિસ્તારમાં આવેલા સરબતિયા તળાવ પાસે એક મહાકાય વૃક્ષ અચાનક ધરાશાયી થતાં આસપાસના વિસ્તારોમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, આ વૃક્ષ ધરાશાયી થતા તેની નીચે આવેલી પાંચ જેટલી લારીઓ સંપૂર્ણપણે દબાઈ ગઈ હતી. અચાનક બનેલી આ ઘટનાને કારણે સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી. આ ઘટનાને કારણે વિસ્તારમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો, જેના લીધે સ્થાનિક રહીશોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

ફાયર વિભાગ દ્વારા ક્રેનની મદદથી ધરાશાયી થયેલા વૃક્ષને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સાઈટ પરથી 20 લાખનો સામાન ચોરાયો

નવસારી નજીક પડઘા ગામની સાઇટ પરથી 16 ટન લોખંડના સળિયા ટ્રકમાં ભરીને ચોરી જવાયા ત્યાં સુધી કોઈનું ધ્યાન જ ન પડ્યું!

નવસારી ગ્રામ્ય પોલીસે વાહનોના આધારે તપાસ શરૂ કરી

નવસારીઃ દેશના મહત્ત્વાકાંક્ષી મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની નવસારી જિલ્લાના પડઘા ગામ નજીક આવેલી સાઈટ પરથી લાખો રૂપિયાના બાંધકામ સામાનની ચોરી થતાં માત્ર ગુનાની ઘટના જ નહીં, પરંતુ સાઈટની સુરક્ષા વ્યવસ્થા સામે પણ અનેક પ્રશ્નો ઊભા થયા છે.

નવસારી ગ્રામ્ય પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સાઈટ પરથી ટી.એમ.ટી. સળિયા, સસ્પેન્શન ક્લેમ્પ અને કોપર કેબલ સહિત અંદાજે રૂ. 20 લાખથી વધુનો માલસામાન ગાયબ થયો હતો. ફરિયાદમાં રાજસ્થાન નંબરના ટ્રક અને બોલેરોનો ઉપયોગ થયો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.આ ઘટનાએ અનેક સવાલો ઊભા કર્યા છે. આશરે 16 ટન જેટલા લોખંડના સળિયા અને અન્ય ભારે સામાન સાઈટ પરથી બહાર લઈ જવામાં આવ્યો, તો શું સુરક્ષા વ્યવસ્થાને તેની જાણ થઈ નહોતી? સાઈટ પર પ્રવેશતા અને બહાર નીકળતા વાહનોની નોંધ રાખતી વ્યવસ્થા કાર્યરત હતી કે નહીં? જો હતી, તો શંકાસ્પદ વાહનોની અવરજવર કેવી રીતે થઈ?

ફરિયાદ મુજબ, ચોરીની જાણ વહેલી સવારે સુરક્ષા ગાર્ડે શંકાસ્પદ વાહનો જોવા મળ્યા બાદ થઈ હતી. ત્યારબાદ સ્થળ તપાસમાં માલસામાનની ઘટ સામે આવી હતી. ચોરી કયા સમયગાળા દરમિયાન થઈ અને સુરક્ષા વ્યવસ્થામાં ક્યાં ખામી રહી, તે મુદ્દે પોલીસ તપાસ આગળ વધી રહી છે. આ ઘટના બાદ પ્રોજેક્ટ સાઈટની સુરક્ષા, માલસામાનના સંગ્રહ અને દેખરેખની પદ્ધતિ અંગે પણ ચર્ચા શરૂ થઈ છે. હાલ નવસારી ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વાહનો અને સંડોવાયેલા શખ્સોની શોધખોળ શરૂ કરી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ ચોરીની સમગ્ર હકીકત અને તેમાં કોઈ આંતરિક સંડોવણી હતી કે નહીં તે સ્પષ્ટ થઈ શકશે.

આ રીતે ટન મોઢે લોખંડ ટ્રક મારફતે ચોરી કરવામાં આવી ત્યા સુધી ફરજ પરના વોચમેનનું ધ્યાન ગયું નહીં એટલું જ નહીં પરંતુ સ્ટોક ઓછો થવા છતાં ત્યા ફરજ પરના જવાબદાર અધિકારીઓનું પણ ધ્યાન ગયું નહીં.

દમણનાં ગુનામાં બે વર્ષથી ફરાર વારાણસીથી પકડાયો

બે વર્ષ પૂર્વે રૂ. 52 હજારની લૂંટ કરી હતી, અગાઉ બે પકડાઈ ચૂક્યા હતા

દમણઃ સંઘપ્રદેશ દમણના કચીગામ પોલીસ મથકે નોંધાયેલા લૂંટ અને હત્યાના પ્રયાસના ગંભીર ગુનામાં છેલ્લા ઘણા સમયથી ફરાર આરોપીને દમણ પોલીસે ઉત્તર પ્રદેશના વારાણસીમાંથી ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસ માહિતી અનુસાર 6 એપ્રિલ, 2024ના રોજ રાત્રે 10:45 વાગ્યાની આસપાસ નાની દમણના ડાભેલ મેઈન રોડ પર આવેલ શીતલ પેટ્રોલ પંપ નજીક ફરિયાદી સુધાંશુ શેખર રોય પર ત્રણ અજાણ્યા શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હતો. એક આરોપીએ ફરિયાદીને પાછળથી પકડી રાખ્યો હતો, જ્યારે અન્ય આરોપીએ આંખોમાં સફેદ પાવડર નાંખી છાતી અને પેટના ભાગે ચપ્પુના ઘા ઝીંક્યા હતા. હુમલા બાદ આરોપીઓએ અંદાજે 52 હજાર રોકડ, સેમસંગ મોબાઈલ, આધાર કાર્ડ, એ.ટી.એમ. કાર્ડ સહિતના મહત્વના દસ્તાવેજોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે કચીગામ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. પોલીસે આ ગુનામાં વિશાલ ગોવિંદભાઈ પટેલ અને પ્રિન્સ કેશરીલાલ યાદવની અગાઉ ધરપકડ કરી કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી. પૂછપરછ દરમિયાન પ્રિન્સે પોતાના ભાઈ આકાશ કેશરીલાલ યાદવ સાથે મળીને આ ગુનો આચર્યો હોવાની કબૂલાત કરી હતી. ત્યાર બાદ આ ગુનાનો ત્રીજો આરોપી આકાશ સતત ઠેકાણા બદલતો હોવાથી પોલીસને લાંબા સમય સુધી ચકમો આપતો રહ્યો હતો. ત્યારે દમણ પોલીસની એક ટીમ ઉત્તર પ્રદેશના વારાણસી જિલ્લાના શિવપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ફરાર આરોપી આકાશ કેશરીલાલ યાદવ (ઉ.વ. 23)ને ઝડપી દમણ લાવવામાં આવ્યો હતો.

નવસારીમાં વરસાદે વિરામ લેતાં બફારો અને ઉકળાટ

નવસારીઃ છેલ્લા કેટલાક દિવસોથી વરસેલા વરસાદ બાદ નવસારી જિલ્લામાં હાલ વરસાદે થોડો વિરામ લીધો છે. જોકે વરસાદ બંધ થતાં જ હવામાં ભેજનું પ્રમાણ વધી જતાં સમગ્ર જિલ્લામાં બફારો અને ઉકળાટનું પ્રમાણ વધી ગયું છે. દિવસ દરમિયાન ગરમી કરતાં વધુ ભેજના કારણે લોકો અકળાઈ રહ્યા છે. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના ૧૧ જુલાઈ, ૨૦૨૬ના અહેવાલ મુજબ આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારના સમયે હવામાં ૯૩ ટકા જ્યારે સાંજના સમયે ૮૨ ટકા ભેજ નોંધાતા વાતાવરણ ભારે ઉકળાટભર્યું બન્યું છે. આજે દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૧૦.૩ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. તેમ છતાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી લોકોને ગરમીમાંથી ખાસ રાહત મળી નથી.

આંતરરાષ્ટ્રીય મહિલા યુવા ક્રિકેટરનું સન્માન કરાયું

બીલીમોરાઃ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટમાં નવોદિત યુવા મહિલા ક્રિકેટર કુ. મૈત્રી સંદીપભાઈ મણિયારનું જાહેર સન્માન કરાયું હતું. રાજ્યના કેબિનેટ મંત્રી નરેશ પટેલ ની ઉપસ્થિતિમાં બીલીમોરા સિનીયર સીટીઝન ક્લબ, બીલીમોરા શ્રી પાંચાલ સેવા સમાજ બીલીમોરા વડીલ પરિવાર અને બીલીમોરા રીલાયન્સ સ્પોર્ટ્સ ક્લબનાં સંયુક્ત ઉપક્રમે એલ. એમ.પી. રેવા સાંસ્કૃતિક ભવન (શ્રી પાંચાલ સેવા સમાજ વાડી)માં સન્માન સમારોહ યોજાયો હતો. બીલીમોરા પાલિકા પ્રમુખ મનીષ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નિરવ ટેલર, અતિથિ વિશેષ તરીકે કુ. મૈત્રીના પર્સનલ કોચ કાંતિભાઈ બી. પટેલ (નવસારી), રીલાયન્સ સ્પોર્ટ્સ ક્લબના પ્રમુખ હરિશભાઈ આઈ. ટેલર અને પાંચાલ સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી યોગેશભાઈ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં જતીનભાઈ મિસ્ત્રી, પન્નાબેન પાંચાલ, હરિશભાઈ ટંડેલ, અનિતાબેન મિસ્ત્રી, કમલેશભાઈ પટેલ અને હસમુખભાઈ પટેલ સહિત ના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

નવસારી પોલીસમાં મોટા પાયે ફેરબદલ: 208 પોલીસ કર્મીની એકસાથે બદલી

નવસારીઃ જિલ્લા પોલીસ તંત્રને વધુ કાર્યક્ષમ, ગતિશીલ અને સુવ્યવસ્થિત બનાવવા જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલે મોટા પાયે વહીવટી ફેરબદલ કર્યો છે. એક જ આદેશમાં જિલ્લાના વિવિધ પોલીસ મથકો અને શાખાઓમાં ફરજ બજાવતા 186 પોલીસ કર્મચારીઓ અને 22 પોલીસ ડ્રાઈવરો સહિત કુલ 208 કર્મચારીઓની બદલી કરવામાં આવી છે.

પોલીસ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ, આ બદલીઓ વહીવટી જરૂરિયાત, કામગીરીનું સંતુલન અને જાહેર હિતને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. કેટલાક કર્મચારીઓની બદલી તેમની અરજીઓના આધારે પદર ખર્ચે પણ મંજૂર કરવામાં આવી છે.

દેહરીમાં રૂપિયા 25 લાખના ખર્ચે બનેલી આંગણવાડીનું લોકાર્પણ

રોટરી ક્લબ અને દાતાઓનો સહયોગથી સ્માર્ટ આંગણવાડીનું નિર્માણ થતાં સુવિધા વધી

ઉમરગામઃ રોટરી ક્લબ ઓફ ઉમરગામ, મુંબઈ વરસોવા અને શ્રીની લીંક તથા સેન્ટો એન્જિનિયરિંગ પ્રા.લિમિટેડ તથા દાતાઓના સહયોગથી ઉમરગામ તાલુકાના દેહરી ગામે જવાહરવાડી વિસ્તારમાં નવી અદ્યતન સુવિધા સંપન્ન સ્માર્ટ આંગણવાડી કેન્દ્ર મકાન અંદાજે રૂપિયા 25 લાખના ખર્ચ બનાવવામાં આવ્યું છે તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, રોટરી ક્લબ ઓફ ઉમરગામના પ્રમુખ ડો. પ્રિયંકા શેઠ, પ્રોજેક્ટ ચેરમેન ગિરીશ રાવ, રોટરી ક્લબ ઓફ મુંબઈ વરસોવાના પ્રમુખ કવિતાબેન, માજી પ્રમુખ સુશીલભાઈ, મનીષભાઈ, દાતાઓ શ્રીની લીંક, રોટરી ક્લબ ઓફ ઉમરગામના માજી પ્રમુખ સરવાનન દેવાર, શ્રીમતી સોનિયા દેવાર, સેન્ટો એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ તથા યુઆઈએના પ્રેસિડેન્ટ અશોકભાઈ ગુપ્તા, ઉમરગામ તાલુકા વિકાસ અધિકારી પરેશભાઈ પરમાર, સીડીપીઓ વીનાબેન, આઈસીડીએસ સુપરવાઈઝર ફરાના, જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન તથા રામદાસભાઈ, તાલુકા પંચાયતના સભ્ય કાજલબેન, ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ, ઉપસરપંચ ઉમેશભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીની પરિણીતાની કર્ણાટકમાં રહેતા પતિ, સાસરિયા સામે ફરિયાદ

નવસારીઃ લગ્નજીવન દરમિયાન દહેજની માંગણીના નામે સતત શારીરિક અને માનસિક ત્રાસ સહન કર્યા બાદ નવસારીની એક પરિણીતાએ આખરે કાયદાનો આશરો લીધો છે. નવસારી મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે કર્ણાટકના બલ્લારીમાં રહેતા પતિ, સાસુ-સસરા અને બે નણંદ સહિત સાસરી પક્ષના સભ્યો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ ફરિયાદ મુજબ, વર્ષ 2013થી 2022 દરમિયાન પરિણીતાને વારંવાર દહેજની માંગણી કરી હેરાન કરવામાં આવતી હતી. સાસરી પક્ષ દ્વારા પતિને ઉશ્કેરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે પતિ દ્વારા મારપીટ, મેણાં-ટોણાં અને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. પીડિતાએ લાંબા સમય સુધી ત્રાસ સહન કર્યા બાદ આખરે 10 જુલાઈના રોજ નવસારી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ચીખલી કાવેરી નદીના બ્રિજ પર કારે અડફેટે લેતાં બાઈકચાલકનું મોત

ધેજઃ ચીખલી કાવેરી નદીના પુલ પાસે બાઇક અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં આધેડનું નીપજ્યું હતું.

સાદકપોર ધડુલી ફળિયા ખાતે રહેતા મનુભાઇ નાથુભાઇ પટેલ (ઉ.વ.૫૬) તથા ચંદ્રકાંત ગોવિંદભાઇ પટેલ બાઈક (નં. જીજે ૨૧ બીએન ૬૦૧૮) જઈ રહ્યા હતા ત્યારે ચીખલી-ખેરગામ માર્ગ ઉપર કાવેરી નદીના પુલ પાસે આવતા પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટાટા નેક્સોન (નં. જીજે ૦૬ એલઇ ૮૮૦૪) ના ચાલકે ટક્કર મારતા મનુભાઈને ગંભીર ઇજાઓ પહોંચતા ચીખલી રેફરલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. જ્યારે ચંદ્રકાંત ગોવિંદભાઇ પટેલને ઇજા પહોંચતા સારવાર હેઠળ છે. પોલીસે કારચાલક વિરુદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૬૬૬૬૧ ફેક્સ : ૨૫૬૬૬૬૦
+(GST)

નોકરી વિષયક

જોઈએ છે
નામાંકિત ફાઈનાન્સ કંપની માટે જોડાઈ શકે એવા ઉત્સાહી વ્યક્તિ. સંપર્ક કરો. KRUTIK DESAI 9408090363

દુકાન માટે
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

વાપી ઝંડા ચોક
વિસ્તારમાં કાપડની દુકાન પૂજા ટ્રેડિંગ કંપની માટે સેલ્સમેન જોઈએ છે. MO. 6353155112

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ભાડેથી જગ્યા આપવાની છે
રોડ નં.-2, સચીન GIDC,માં.
5000 સ્કે. ફીટ, ગ્રાઉન્ડ ફ્લોર, 5000 સ્કે. ફીટ, પહેલો માળ, ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝ અને ડિજીટલ પ્રિન્ટીંગ માટે પણ ઉપયોગી.
દલાલોએ તસ્દી લેવી
96241 07000

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

પ્લોટ ફાયદાથી વેચવાનો છે
આત્મીયવિલા સોસાયટી, કામરેજ
Mo.9925024239

''મફત કાનુની સહાય''
''કોર્ટ કચેરી વિના નિઃશુલ્ક સમસ્યાનું સમાધાન મેળવો.'' અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખા મો. નં ૯૪૦૯૪-૮૨૬૬૩ (205)

હિંચકાના કડાં
તોડફોડ વગર અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટડ ફીટીંગ- 8460222292, 8460222282

રેમન્ડ 3 પેન્ટપીસ
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

જોઇએ છે
આર. એમ. ઓ. (લેડી)
ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2
એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

સુરત ઘોડદોડ રોડ
પર પેઈન ગેસ્ટમાં રહેવા જેન્ટ્સ મળો, એસી, જમવાનું, ચા, નાસ્તાની સુંદર સગવડ, 9978867220

રિનોવેશન, જૂનું મકાન
તોડી નવું મકાન, પ્લાસ્ટર, કલર, દરેક ભેજ દિવાલ, ટાંકી, વોટર પ્રૂફિંગ, દરેક પ્રકારનું મકાનના ચણતર કામો વ્યાજબી ભાવે કરી આપીશું, 9978867220

મિલ્કત વેચવાની છે

સુરત ડાયમંડ બુર્સ
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

10x30 દુકાનો ભાડેથી આપવાની છે
90x110 ફુટનો શેડ ભાડેથી આપવાનો છે
દલાલોએ તસ્દી લેવી
જય રાધે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ (સચીન)
96241 07000

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

તાકીદે વેચવાનું
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

વેચવાનો છે
ખુલ્લો પ્લોટ, કિમ, નવાપુરા પાટિયા પાસે, Mo: 9157944994

અરજન્ટ
ફુલી ફર્નિસ ફ્લેટ વેચવાનો છે. 1405 Sq.ft ગેલેક્ષી એન્કલેવ જલારામ મંદિરની સામે, ગ્રીન સીટી રોડ પાલ સુરત. M- 9825092156 (206)

પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

ખેડૂત બની શકે
તેવો નાનો ટુકડો (જમીન) વેચવી છે વાંઝણા ગામ, ખારેલ ચોકડી નજીક, ચીખલી પાસે, 7/12 વાળા, 9763718010, 9374718010

પ્લોટ વેચવાનો છે
કીમ, કુરસદ, નેશનલ હાઈવે 8થી અડધો કિલોમીટર અંદર, અમૃત ઈન્ડસ્ટ્રીઝ, સ્વામીનારાયણ મંદિર પાછળ, 1550-વાર, 9427811344, 9879913894

જમીન વેચવાની છે
ભરૂચ-વડોદરા જિલ્લામાં જમીન વેચાણ કેમિકલ ઝોન, રેડઝોન, ફાર્મા, તથા બ્લક ડ્રગ લાયક જમીન
1500000/- લાખ SqFt.
Rs. 130/- Per SqFt.
N.A. NOC. ECP
ચેનલ સાથે બ્રોકર
9408437720

જહાંગીરપુરા
સંકલ્પ રો હાઉસમાં ઘર વેચવાનું. 9601662923

અડાજણમાં
પોષ લોકેશનમાં મહીને બે લાખ આવક આપતી દુકાન વેચવાની 700 સુપર બીલ્ડઅપ 1.75 CR. 91576-22115

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ક્ષેત્રપાળ ટૂર્સ
(ચોક્કસ ઉપડશે. સ્લીપર બસ દ્વારા) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 04-08, 05-09, 27-09) (કલકતા , ગંગાસાગર, જગન્નાથપુરી 10-09, 12-11)(કોલ્હાપુર, મહાલક્ષ્મી, ગોવા, ગણપતિપુલે, મહાબળેશ્વર 27-09) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, રામેશ્વર, તિરૂપતિ 15-08) (ફક્ત હૈદરાબાદ, શ્રીશૈલમ 10-09) (નેપાળ, પોખરા, કાઠમંડુ, વારાણસી 06-09, 13-11) (અયોધ્યા, વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 26-09) (સ્પેશિયલ કેરાલા 05-11, 11-11, 14-11) (દિવાળી વેકેશન બુકિંગ ચાલુ) સુરેશભાઈ પુરોહિત. 9825105053.

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મોત્રી, ગંગોત્રી, સાથે હરિદ્વાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 15/8, 9/9, 22/9, 6/10 (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિંલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસો